**કાન્તિ ભટ્ટ**

# આઇડિયા તો બધાને આવે છે પણ અમલ કરનારા ઓછા હોય છે

ચાહી લે ઘડી ભાઈ
જગત સાથે કરી લે પ્રેમસગાઈ
આજે અહીં છે તો અહીંનાને
ભેટી લે ગણી પોતાનાં ને
કાલે તો તુજ મુકામ કાજે
નિરમી અન્ય સરાઈ
ક્યાં આવો જનમેળો મળવો!
સાથ બીજે ક્યાં આવો મળવો?
વ્હેંચી દે સૌ ચીજ તું તારે,
કાં મરતો આ ભારથી ભારે
બાંધી જા બદલામાં
હળવીફૂલ શી પ્રીત કમાઈ

- જયંત પાઠક

હેન્રી બીચર સ્ટો નામના ફિલસૂફે કહેલું કે આઈડિયા તો આપણને બધાને આવે છે પણ એ વિચારનો અમલ કરનારા વીરલા છે. ૩૫ વર્ષથી દિલ્હીથી મુંબઈ અને અમદાવાદ એ તમામ શહેરો વિકસતાં હતાં. વધુ ને વધુ લોકો કમાવા માટે ગામડાની ખેતી છોડીને શહેરમાં આવતા હતા. મેકિન્સી ગ્લોબલ ઇન્સ્ટિટ્યૂટનો અહેવાલ છે કે ૨030 સુધીમાં ભારતની ७0 ટકા રોજગારી શહેરોમાં પેદા થશે અને ડબલ અમેરિકા જેટલા ૫૯ કરોડ ભારતીઓ શહેરમાં વસવા આવશે. જાણે હસમુખરાય ઠાકુરદાસ પારેખ નામના એક દીર્ઘદૃષ્ટા ગુજરાતીને આ વાતની બહુ વહેલાસર સાડાત્રણ દાયકા પહેલાં જાણ થઈ ગઈ હતી.

લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં ભણેલા હસમુખ પારેખ જેવા શેરબજારમાં હરકિસનદાસ લક્ષ્મીદાસની શેરદલાલની પેઢીમાં કામ કરનારા આ માણસે અનેક નાણાસંસ્થાઓ સાથે જોડાઈને તેનો ઉદ્ધાર કરનારાને ૬૮ વર્ષની ઉંમરે આઈસીઆઈસીઆઈ જેવી ખમતીધર સંસ્થામાંથી નિવૃત્તિ થઈ ત્યારે ૬૮ વર્ષની ઉંમરે મજાથી તે નિવૃત્ત થઈ મુંબઈના મરીન ડ્રાઈવની હવા ખાઈ શકતા હતા. પણ ૧૯૭૦માં વિધુર થયેલા હસમુખ પારેખે પત્ની હીરાનાં મરણ પછી તેને લખેલા પત્રોમાં શહેરના મધ્યમવર્ગના લોકો માટે રહેણાક અંગેની ચિંતા વ્યક્ત કરેલી.

૩0મી જુન ૧૯૭૮ના રોજ મૃત પત્ની હીરાને લખેલો એક પત્ર વાંચવો જેવો છે.‘હીરા! મારા જીવનની કિતાબમાં એક નવું પ્રકરણ શરૂ થાય છે. જનતાનો અન્નનો પ્રશ્ન તો ભારતે હલ કર્યો છે... આજે આમજનતાના ૨૫ ટકા લોકો ઝૂપડાંમાં કે ખુલ્લી જગ્યામાં કે રસ્તા પર રહે છે. મધ્યમવર્ગ માટે રહેઠાણની સમસ્યા જટિલ છે... જીવનમાં હું ઘણાં વર્ષોથી સ્વપ્ન સેવતો આવ્યો છું કે વિદેશમાં જે પ્રકારની ‘બિલ્ડિંગ સંસ્થાઓ’ છે તેવી હું ભારતમાં ઊભી કરું અને મારા વિચારને મેં ૧૯૭૭માં તારા વિરહને ભૂલવા મૂર્તિમંત કર્યો છે અને જનતાને ઘર લેવા માટે ‘હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન’ ઊભું કર્યું છે. મેં R ૧0 કરોડની મૂડી એકઠી કરી છે. આ નવા જ પ્રકારનું સાહસ છે.

મારા સ્વપ્નને સાકાર કરી શક્યો છું. સપનું સાકાર કરી ૮૪ વર્ષની વયે તેનાં સપનાંનો વડલો નામે એચ. ડી. એફ.

સી. તેના મોટા ભાઈ શાંતિલાલના પુત્ર દીપક પારેખને હસમુખ પારેખ સોંપી ગયા. આજે ભારતમાં એચ. ડી. એફ. સી.ના સસ્તા વ્યાજની રહેઠાણની લોન લઈને ૨૫ લાખથી વધુ લોકોના 'મારે પણ એક ઘર હોય' તેવા સપનાને પૂરા કર્યા છે. હસમુખભાઈએ રવિ મૌર્યના સહકારથી ૧૯૭૭માં એચ. ડી. એફ. સી. R ૧૦ કરોડથી શરૂ કર્યું ત્યારે ડો. મનમોહનસિંઘ નાણાં મંત્રાલયના માત્ર નાણાસચિવ હતા. તેણે હસમુખભાઈને શબ્દોથી શાબાશી આપી એક પાઈની મદદ ન કરી.

પણ તમામ મૂડી હસમુખભાઈએ પોતાની અંગત શાખ પરથી ઊભી કરીને ભત્રીજા દીપકને સોંપતા ગયા. ૨૯ જણના સ્ટાફમાંથી આજે એચ. ડી. એફ. સી. પાસે ૧૦૨૯નો સ્ટાફ છે. તે સમયની મોટી લાગતી R ૧૦ કરોડની મૂડી તો આજે ચપટી વગાડે ત્યાં ૧૦ મિનિટમાં ઊભી થઈ શકે છે. એચ. ડી. એફ. સી.નું મૂલ્ય આજે ડોલરમાં અંકાય છે. તેની વાર્ષિક આવક ૨૦૦૮માં ૧.૪૯ અબજ ડોલર હતી તે વધતી જ જાય છે. એચ. ડી. એફ. સી.ના હાથ લાંબા થતા ગયા છે. કુવૈત, ઓમાન, કતાર, શાહજાહ, આબુધાબી, જીદ્દા, રિયાધ અને લંડન સુધી ગયા છે અને અમેરિકાને ૪૯ ઓફિસો દ્વારા આંબી રહ્યા છે.

જોનાથન સ્વિફ્ટ નામના વિદ્વાને કહેલું કે કેટલાક લોકો તેના ડહાપણના કે સિદ્ધિનાં નગારાં વગાડે છે જ્યારે કેટલાક લોકો પોતાના ડહાપણને તેમ જ તેમણે મેળવેલી સફળતાનો સૂર પોતે પણ સાંભળતા નથી. જોનાથનની વ્યાખ્યા પ્રમાણેનું ડહાપણ દીપક શાંતિલાલ પારેખમાં છે. હું જ્યારે ૩૨ વર્ષ પહેલાં ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સના સચિવ રામુ પંડિતના સૂચનથી હસમુખભાઈને તેની એચ. ડી. એફ. સી.ની નાની કોટડી જેવી કેબિનમાં મળવા ગયો ત્યારે તેની સાદાઈ ગજબની લાગી. એ સમયે હજી એચ. ડી. એફ. સી.ની શરૂઆત હતી. દીપક પારેખ ૩૨ વર્ષની વયે યુવાન હતા.

મને એચ. ડી. એફ. સી. વિશે જે માહિતી જોઈએ તે દીપકભાઈ તેમની કેબિનમાંથી વારંવાર દોડીને આવીને કાકાને પૂરી પાડતા હતા. આજે ૬૬ વર્ષની વયે દીપક પારેખ દોડમદોડ કે હડિયાપાટી કરે છે તે નેશનલ અને ઈન્ટરનેશનલ છે. દીપક પારેખ પત્રકારોને ભાગ્યે જ મળે છે. તેનો ઈન્ટરવ્યૂ લેવાનું કામ કપરું છે. તેમને મહત્તા ગાવાનો શોખ નથી. પરંતુ ઓસ્ટ્રેલિયાના ધૂરંધર નાણાશાસ્ત્રી અને કોર્પોરેટ સલાહકાર પિટર ચર્ચએ દીપકભાઈને પકડી પાડ્યા અને તેમની પાસેથી અલપ-ઝલપ નહીં પણ આત્મીયતાવાળી માહિતી કઢાવીને 'એડેડ વેલ્યૂ' નામના પુસ્તકમાં દીપક પારેખ અંગે પીરસી છે.

૧૮ ઓક્ટોબર ૧૯૪૪ના રોજ મુંબઈમાં જન્મેલા દીપક પારેખના પિતા શાંતિલાલ પણ બેન્કર હતા એટલે બેન્કિંગ તેમના લોહીમાં છે પણ તેમના પિતાનો જીવન સંઘર્ષ અને આપત્તિઓ તેમણે જોઈ છે. આજે મુંબઈમાં ચર્ચગેટના રેમન હાઉસમાં પાંચમા માળની વિશાળ કેબિનમાં બિરાજતા દીપક પારેખ ત્રણ વર્ષના હતા ત્યારે તેમને મુંબઈથી પિતા પાસે રંગૂન લઈ જવાયા. આમ કેમ? ભારતમાં પ્રણાલિકા છે કે પત્નીની પ્રથમ સુવાવડ પિયરમાં થાય એટલે પિતા રંગૂનમાં સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાની બ્રાંચમાં મેનેજર હતા.

તેમણે સુવાવડ માટે દીપક પારેખની માતાને ભારત મોકલેલા. બીજા વિશ્વયુદ્ધ પછી બાળક દીપક અને પત્નીને રંગૂન બોલાવી લીધાં. હસમુખ પારેખના પિતા પણ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાના સાદા કર્મચારી હતા અને નોકરીની સિન્સિયારિટી-નિષ્ઠા પણ બન્નેને વારસામાં મળેલા.

હું રંગૂન ગયો છું અને ત્યાંના મિલિટરી શાસકને મળેલો છું તેથી ત્યાંના અસ્થિર રાજકારણને જાણું છું. આ અસ્થિરતા ૧૯૪૨થી ચાલી આવે છે. જાપાનીઓ જગત જીતવા નીકળી પડ્યા હોય તેમ પ્રથમ રંગુનનો કબજો લીધો ત્યારે સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાની રંગૂનની બ્રાંચના તમામ કર્મચારીઓ સ્ટીમરમાં ભારત રવાના થઈ ગયા. પણ દીપકભાઈના પિતા મેનેજર હતા તે જ બેન્કને રક્ષવા રંગૂનને ચીટકી રહ્યા. ઘણા ગુજરાતી વેપારીએ દુકાન-મકાન રેઢાં મૂકીને રંગૂન છોડી ભાગી ગયેલા. દીપકભાઈના પિતાએ સેન્ટ્રલ બેન્કની તિજોરીને તાળું માર્યું અને પછી બધી ચોકસાઈ કરીને મુંબઈ

આવવા રવાના થયા.

ઘણા વાચકોને જ નહીં પણ પત્રકારોને એશિયાની ભૂગોળની જાણ નથી. હું ૮૦ દેશોમાં ફર્યો છું. ઘણા માનતા નથી કે કલકત્તાની ટ્રેન રસ્તે બેંગકોક જવાય છે. ઘણા માનતા નથી કે એક સ્ટીમરમાં સ્વામી વિવેકાનંદ ન્યુ યોર્ક જતા હતા અને જમશેદજી તાતા જાપાન જતા હતા. એક સ્ટીમરમાં કંઈ રીતે તેમાં ભેગા થઈ ગયેલા. ત્યારે મુંબઈથી જાપાન અને ન્યુ યોર્ક માટેનો માલ લઈને મુંબઈથી સ્ટીમર પ્રથમ જાપાનના બંદરે જતી પછી ત્યાંથી જાપાનનો માલ ઉપાડીને ન્યુ યોર્ક બંદરે જતી. તેવી જ રીતે રંગૂનથી જંગલોના રસ્તે ગાડામાં કે પગ ચાલીને કલકત્તા પણ આવી શકાતું.

દીપકભાઈના પિતાને જ્યારે રંગૂન છોડવું સલામત લાગ્યું ત્યારે કલકત્તા જવાની સ્ટીમર જ નહોતી એટલે શાંતિભાઈ પારેખ બળદગાડા, ઘોડા કે કોઈ પણ વાહન મળે તેમાં બેસીને અને પછી આસામનાં જંગલો પગે ખૂંદીને ભારત આવવું પડેલું. તેમણે દીપકભાઈ અને પત્નીને વહેલાસર ભારત મોકલી દીધાં હતાં. દીપકભાઈની માતા પૂજા કરવા બેસતાં ત્યારે કદાચ ઈશ્વરને પૂછતાં હશે કે મારા પતિ જીવે છે કે મરી ગયા? ‘મરી ગયા’ શબ્દ જ સ્વીકારતાં નહીં.

દીપકભાઈ અને તેમની મોટી બહેને છેલ્લે રંગૂન છોડ્યું ત્યાં સુધી દીપકભાઈએ રંગૂનની મેથોડિસ્ટ સ્કૂલમાં ભણતર લીધું. બર્મીઝ ભાષા અઘરી હતી તે શીખ્યા જ નહીં. બની ભાષાની પરીક્ષામાં ઝીરો માર્ક આવતા. પિતાએ તેમને-બહેન ભાઈને છેલ્લે યુનિયન ઓફ બર્મા એરવેઝના ડાકોટા વિમાનમાં કલકત્તા મોકલ્યાં. આજે જ્યાં ૧ કલાક વિમાનની સફર થાય છે તે ડાકોટાને ત્યારે ચાર કલાક લાગેલા!

‘એડેડ વેલ્યૂ’ના લેખક પિટર ચર્ચને અતિ વિગતથી અને બર્મા પ્રત્યેની આત્મીયતાથી ઘણી વાતો દીપકભાઈએ કરી છે. R ૧૦૪૫૯૦ કરોડનો એચ. ડી. એફ. સી.નો કારભાર અને R ૧૨૨૦૦૦ કરોડના એચ. ડી. એફ. સી. બેન્કના આ વ્યસ્ત કારભારી જ્યારે એક ઓસ્ટ્રેલિયન લેખકને વિગતથી વાત કરે ત્યારે આપણે પણ દીપક પારેખને નિકટથી જાણવા જોઈએ. પિટર ચર્ચએ દીપક પારેખ અને બીજા સાહસિકોની સફળતાનું રહસ્ય પણ પુસ્તકમાં કહેલ છે. દીપકભાઈ અને તેના સ્વ. કાકા તેમ જ આજના ધુરંધરોમાં કોમન ફેક્ટર શું હતું?:

(૧) એસર્ટિવનેસ-કોઈ પણ પ્રોજેક્ટ કે જવાબદારી હાથ ધરો ત્યારે તેને સફળ કરવાની સંકલ્પબદ્ધતા, (૨) લર્નિંગ કર્વ એટલે કે નિષ્ફળતા મળે તેમાંથી પદાર્થ પાઠ લેવાની કળા, (૩) એમ્બિશન: માણસે મહત્વાકાંક્ષા તો રાખવી જ જોઈએ. પડકારોને ઝીલી લેવા જોઈએ, (૪) ઈફેક્ટિવ મેનેજમેન્ટ ઓફ રિસ્ક. કોઈ પણ જોખમી સાહસ હાથ ધરો તેનો મિનિટ મિનિટનો ધીરજથી સામનો કરવો, (૫) અને હાઈ ડેડિકશન: ઊંચો સમર્પણ ભાવ. જો આટલા ગુણો તમારામાં હોય અને સાથે આજે જે દુર્લભ ચીજ છે તે વ્યવહારની શુદ્ધતા અને પ્રામાણિકતા હોય તો તમે પણ હસમુખ પારેખ કે દીપક પારેખ બની શકો છો.